## કુખ્યાત રાકેશ ઉર્ફે રોક્યો સહિત રાકેશ વાઘ ગેંગના ૭ સામે ગુજસીટોક

સુરતઃ સચીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં વેપારીઓ અને સામાન્ય નાગરિકો પર હિંસક હુમલા કરી આતંક ફેલાવતી કુખ્યાત સંગઠિત ટોળકી 'રાકેશ વાઘ ગેંગ' વિરૂદ્ધ સુરત પોલીસે લાલ આંખ કરી છે. અવાર-નવાર લૂંટ, ધાડ અને ખુનની કોશિષ જેવા ગંભીર ગુના આચરતી આ ગેંગ સામે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલૌતની સૂચનાથી ગુજસીટોક હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. કોર્ટે પણ પોલીસના રિપોર્ટને ગ્રાહ્ય રાખી આ કાયદાનો ઉમેરો કરવા મંજૂરી આપી દીધી છે, જેના પગલે ગુનેગારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## 30 દિવસમાં લેપટોપ રિપેર કરો નહીંતર નવું આપો

સુરતઃ વોરંટી સમયમા બગડેલાં લેપટોપની સર્વિસમાં ધાંધિયા કરતી મુંબઈની આસુઝ કંપની અને વેસુ ખાતેનાં સર્વિસ સેન્ટર વિરુદ્ધ વલસાડનાં કોમ્પ્યુટર ડિઝાઇનનું કામ કરતાં નિકુંજ પટેલ ની ફરિયાદ વલસાડ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને મંજૂર કરી હતી. ફરિયાદ પક્ષે એડવોકેટ પ્રકૃતિ છાયાએ દલીલો કરી હતી. આ કેસમાં ફરિયાદીએ ક્રોમા વાપીથી આસુઝ કંપનીનાં લેપટોપ ની ખરીદી કરી હતી. વર્ષ દરમિયાન ની વોરંટી સમયમાં લેપટોપ બગડી ગયું હતું. જે રિપેર કરી આપવાની જવાબદારી સામાપક્ષની હોવા છતાં પણ રિપેર કર્યા વગર પરત મોકલી આપ્યું હતું. જેથી ફરિયાદીએ ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસની સુનાવણી બાદ ગ્રાહક કોર્ટે ફરિયાદીનું લેપટોપ રિપેરિંગ નહીં કરી આપી સેવામાં ખામી હોવાનું જણાવી ફરીયાદીને કંપનીનું લેપટોપ દિન-30 માં રિપેર કરી આપવું અને વિકલ્પે તે જ કંપનીનું તેટલી જ રકમનું અન્ય નવું લેપટોપ ફરીયાદીને આપવા હુકમ કર્યો હતો.

## થાણે કોર્ટે સુરતનાં કેમિસ્ટને મુક્ત કર્યો

સુરતઃ સુરતના કેમિસ્ટ આરોપી સામે આરોપ હતો કે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરના પ્રિસ્ક્રિપ્શન વિના ટ્રામાડોલ દવાના સપ્લાયમાં સામેલ હતા. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) થાણે દ્વારા તપાસ કરવામા આવી હતી. આ કેસમાં આરોપી વતી હાજર વકીલ મુનીર અહેમદ અને નિશીથ કે. સુખડવાલાએ દલીલ કરી હતી કે આરોપીને 12 જૂન 2026 ના રોજ સુરતથી પકડવામાં આવ્યો હતો. સલાબતપુરા પોલીસ સ્ટેશનમાંથી મેળવેલા દસ્તાવેજો અને બચાવ પક્ષ દ્વારા રજૂ કરાયેલી રજૂઆતો સહિત રેકોર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રીને ધ્યાનમાં લીધા પછી ન્યાયિક મેજિસ્ટ્રેટ થાણેએ આરોપીને મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો હતો અને તપાસ અધિકારી સોમનાથ કર્ણવર પાટીલને આરોપીની ધરપકડ, અટકાયત અને રિમાન્ડની આસપાસના સંજોગો અંગે કારણદર્શક નોટિસ પણ જારી કરી હતી.

## વેડ રોડમાં ફર્નિચરના વેપારીએ પ્રેમ પ્રકરણમાં ફાંસો ખાઇ લીધો

સુરતઃ મૂળ રાજસ્થાનના નાગોર જિલ્લાના વતની ધનારામ શ્રવણરામ જાટ (ઉ.વ.28) હાલ વેડ રોડ ખાતે આવેલા સત્યમ્ શિવમ્ સુંદરમ્ એપાર્ટમેન્ટમાં રહેતો હતો. તે ફર્નિચરના વેપાર સાથે સંકળાયેલો હતો. ધનારામનો બે સંતાન સહિતનો પરિવાર વતન ખાતે રહે છે. અઠવાડિયાથી ધનારામ પરિવાર સાથે ગોકુલ મથુરા બાજુ ફરવા માટે ગયો હતો. બુધવારે સવારે તે ફરીને પરત સુરત આવ્યો હતો. ત્યારબાદ રાત્રે તેએ ઘરમાં લોખડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ધનારામે પ્રેમ પ્રકરણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. ભરૂચ ખાતે ધનારામની સાઈડ પણ ચાલતી હતી.

### ઘન કચરા વ્યવસ્થાપનના નવા નિયમોનો અમલમાં આવશે

# હવેથી કચરો ચાર ભાગમાં કરવો પડશે

**ભીના**-સૂકા ઉપરાંત સેનેટરી અને સ્પેશિયલ કેર કચરાનું ફરજિયાત વર્ગીકરણ

સુરત : ઘન કચરા માટે કેન્દ્ર સરકાર દ્વારા નવા નિયમો બનાવવામાં આવ્યા છે અને હવે કચરો ચાર ભાગમાં વર્ગીકૃત કરવો પડશે.

નિયમોના અમલ માટે સુરત મનપા દ્વારા તમામ પદાધિકારીઓ, કોર્પોરેટરો, આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિવિધ એનજીઓના પ્રતિનિધિઓ માટે વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્કશોપમાં 300થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. નવા નિયમો મુજબ શહેરમાં મોટા પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતી સંસ્થાઓ, રહેણાંક સંકુલો, હોસ્પિટલો, હોટેલો, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાપારી એકમો સહિત તમામ બલ્ક વેસ્ટ જનરેટર્સ માટે કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પોર્ટલ પર ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે. ઉપરાંત, ભીના કચરાનું પ્રોસેસિંગ ખાતર અથવા બાયોમિથેનેશન દ્વારા પોતાના પરિસરમાં જ કરવાની જવાબદારી પણ રહેશે. હવે શહેરવાસીઓએ માત્ર ભીના અને સૂકા કચરા નહીં, પરંતુ સેનેટરી અને સ્પેશિયલ કેર કચરા સહિત કુલ ચાર કેટેગરીમાં કચરાનું વર્ગીકરણ કરવાનું રહેશે.

નવા નિયમોના અમલ માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓને 'લીડ ફેસિલિટેટર' તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. વોર્ડ સ્વચ્છતા કમિટીની રચના કરાશે. નિયમો અંતર્ગત 100 ટકા ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ, આરઆરઆર (રિડ્યુસ-રિયુઝ-રિસાયકલ) સેન્ટરોની સ્થાપના, બાયોમાઈનિંગ, યુઝર ચાર્જ વસૂલાત અને નિયમભંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહી કરાશે.

### બલ્ક વેસ્ટ જનરેટર્સ માટે CPCBમાં ફરજિયાત રજિસ્ટ્રેશન

મોટા પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતા એકમો માટે તંત્રએ આકરા નિયમો બનાવ્યા છે. જે એકમનો ફ્લોર એરિયા 20,000 ચોરસ મીટર કે તેથી વધુ હોય, પાણીનો વપરાશ પ્રતિદિન 40,000 લીટરથી વધુ હોય અથવા જ્યાં દૈનિક ધોરણે 100 કિલોગ્રામથી વધુ કચરો પેદા થતો હોય, તેવા તમામ એકમોએ હવે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) ના પોર્ટલ પર ફરજિયાત ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવું પડશે.પોતાના પરિસરમાં જ કચરાનું સોર્સ સેગ્રેગેશન (વર્ગીકરણ) કરવું પડશે.ભીના કચરાનું પ્રોસેસિંગ પોતાની ઓન-સાઇટ (સ્થળ પર જ) કરવાનું રહેશે.કલેક્ટરના નેતૃત્વ હેઠળ બનેલી કમિટી અને જીપીસીબીના અધિકારીઓ દ્વારા દર મહિને આ પ્રવૃત્તિઓનો કડક રિવ્યુ કરાશે.

### વોર્ડ કક્ષાએ સમિતિઓ રચાશે

કાર્યક્રમ દરમિયાન મેયર માયાબેન માવાણીએ જણાવ્યું હતું કે, કચરાનું સ્રોત સ્તરે જ વર્ગીકરણ કરવું અને પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવો એ સમયની માંગ છે. સુરતની સ્વચ્છતા જાળવી રાખવા માટે તમામ કાઉન્સિલરો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પોતાના વોર્ડમાં 'લીડ ફેસિલીટેટર' તરીકે સક્રિય થઈને ડોર-ટુ-ડોર જનજાગૃતિ અભિયાન ચલાવવું પડશે. દરેક વોર્ડમાં કાઉન્સિલરોના નેતૃત્વ હેઠળ 'વોર્ડ સ્વચ્છતા સમિતિ'ની રચના કરાશે, જે સ્વયંસેવકોના સહયોગથી RRR (Reduce, Reuse, Recycle) સેન્ટરોના ઉપયોગને પ્રોત્સાહન આપશે.

### કચરાનું આ ચાર ભાગમાં વિભાજન

• **ભીનો કચરોઃ** જૈવિક રીતે વિઘટનશીલ અને રસોડાનો કચરો. • **સૂકો કચરોઃ** કાગળ, પ્લાસ્ટિક, કાચ, ધાતુ વગેરે. • **સેનિટરી કચરોઃ** ડાયપર્સ, સેનિટરી નેપકિન્સ, વપરાયેલા કોટન વગેરે. • **સ્પેશિયલ કેર કચરોઃ** ઈ-વેસ્ટ, જૂની બેટરી, ટ્યુબલાઈટ અને ઘરેલું જોખમી કચરો.

### જાહેર પ્રસંગો પર નિયંત્રણ અને નિયમ ભંગ બદલ દંડ

• **જાહેર પ્રસંગોઃ** 100થી વધુ લોકોના મેળાવડા કે પ્રસંગો માટે સ્થાનિક મનપા તંત્રની પૂર્વ મંજૂરી મેળવવી અને ત્યાં કચરાના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવી આયોજકો માટે ફરજિયાત રહેશે.

• **સ્વચ્છતા માર્શલઃ** પ્રવાસન સ્થળો, યાત્રાધામો અને ભીડવાળા વિસ્તારોમાં દિવસમાં બે વાર સફાઈ થાય અને પ્લાસ્ટિક મુક્ત નિયમોનું પાલન કરાવવા 'સ્વચ્છતા માર્શલ' તૈનાત કરાશે.

• **કડક કાર્યવાહીઃ** ખુલ્લામાં કચરો ફેંકવા કે કચરો બાળવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. જો કોઈ આ નિયમોનો ભંગ કરશે, તો તેની સામે સ્થળ પર જ આકરો દંડ અને પર્યાવરણીય વળતર વસૂલવાની જોગવાઈ અમલમાં મૂકાશે.

## વડીલોને સિટી લિંકના વિનામૂલ્યે કાર્ડ માટે હવે ઘરઆંગણે સુવિધા

**હવે** નાગરિક સુવિધા કેન્દ્ર સુધી ધક્કા નહીં ખાવા પડે

**સોસાયટી**-સંસ્થાઓના કેમ્પ પર જ ટીમ આવીને કાર્ડ બનાવી આપશે

સુરતઃ મનપાની સિટી બસ અને બીઆરટીએસ બસોમાં વડીલો માટે જાહેર કરાયેલી મફત મુસાફરીની યોજનાનો લાભ લેવા માટે હવે સિનિયર સિટિઝનોએ નાગરિક સુવિધા કેન્દ્ર (જનસેવા કેન્દ્ર) સુધી લાંબા થવું નહીં પડે. વિવિધ સોસાયટીઓ કે સામાજિક સંસ્થાઓ દ્વારા એક જ જગ્યાએ કેમ્પનું આયોજન કરવામાં આવશે તો મનપાની ટીમ ત્યાં રૂબરૂ જઈને સ્થળ પર જ તમામ વડીલોને કાર્ડનું વિતરણ કરી દેશે.

સુરત મનપાના વર્ષ 2026-27ના બજેટમાં સિનિયર સિટિઝનોને મનપાની બીઆરટીએસ અને સિટી બસમાં વિનામૂલ્યે મુસાફરીની ભેટ આપવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા માટે વડીલોએ અત્યાર સુધી મનપાના નાગરિક સુવિધા કેન્દ્રો પર લાઈનમાં ઊભા રહીને કાર્ડ કઢાવવું પડતું હતું. પરંતુ ઉંમરના કારણે વડીલોને પડતી આ અગવડતા દૂર કરવા માટે મનપા તંત્ર દ્વારા હવે વડીલોને ઘરઆંગણે જ કાર્ડ મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું કે, શહેરની કોઈપણ સામાજિક સંસ્થા કે સોસાયટી દ્વારા જો ૧૦૦થી વધુ વડીલો માટે એકત્રિત કેમ્પનું આયોજન કરવામાં આવશે, તો સુરત મનપાની ટેકનિકલ ટીમ સ્થળ પર જ જરૂરી કાગળો અને પુરાવાઓ મેળવીને ઓન-ધ-સ્પોટ કાર્ડ બનાવી આપવામાં આવશે. તાજેતરમાં જ અલથાણ વિસ્તારમાં 'વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન' દ્વારા આવા જ એક કેમ્પનું સફળ આયોજન કરાયું હતું, જ્યાં એકત્રિત થયેલા તમામ વડીલોને મનપાની ટીમ દ્વારા સ્થળ પર જ વિનામૂલ્યે મુસાફરીના કાર્ડ ઈશ્યૂ કરી દેવાયાં હતાં.

## માસીના ઘરે રહેતી ભાવનગરની કિશોરીનો ઝેર પી આપઘાત

સુરતઃ ભાવનગરના ગારિયાધાર તાલુકા ખાતે મનસુખભાઈ મકવાણા પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. તેમના સંતાન પૈકી 15 વર્ષીય પુત્રી હેમાંશીએ ધોરણ-8 સુધીનો અભ્યાસ કરેલો હતો અને માતાપિતાને ખેતીકામમાં મદદરૂપ થતી હતી. હેમાંશી પંદર દિવસ પહેલાં સુરતના કતારગામ ખાતે આવેલા વિજયનગર-1માં રહેતી માસીના ઘરે રહેવા માટે આવી હતી. બુધવારે સવારે હેમાંશીએ ઘરમાં ઝેર પી લીધું હતું. સારવાર દરમિયાન ખાનગી હોસ્પિ.માં તેનું મોત થયું હતું. તેણીએ ઘર કંકાસમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા હાલમાં વ્યક્ત કરવામાં આવી રહી છે.

### નિર્જલા એકાદશીએ વેસુના શ્યામ મંદિરમાં ભક્તો ઊમટી પડ્યા





વીઆઈપી રોડ પર આવેલા પ્રસિદ્ધ શ્યામ મંદિરમાં નિર્જલા એકાદશી અને ભીમ અગિયારસ ના પાવન અવસરે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. શ્યામ મંદિરમાં પણ આ અવસરે વિશેષ શૃંગાર, મહાઆરતી અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ શ્યામ બાબા ને નમન કરીને પ્રાર્થના કરી હતી. ભીડને ધ્યાનમાં રાખીને સ્વયંસેવકો અને ટ્રસ્ટના કાર્યકરો દ્વારા દર્શન વ્યવસ્થા સુચારુ રીતે સંભાળવામાં આવી હતી.

### 'હું એવો કાંડ કરીશ કે આખી દુનિયા જોશે'

# પત્ની દ્વારા બદનામ કરાતા પૂર્વ કોર્પો.ના પુત્રનો આપઘાત પ્રયાસ

**પત્નીના** આડા સંબંધમાં ભૂતકાળમાં સમાધાન થયું હતું અને બાંહેધરી પણ લખાઈ હતી

**હાલમાં** ફરી માથાકૂટ થતાં પત્નીએ ઈન્સ્ટાગ્રામ પર પૂર્વ કોર્પો.ના પુત્રના અજાણી યુવતી સાથેના ફોટા વાયરલ કર્યા હતા

**નાની** વેડના પૂર્વ કોર્પો. સતિષ પટેલે પુત્રવધૂ, વેવાઈ અને વેવાણ સામે પોલીસ ફરિયાદ કરી

સુરતઃ નાની વેડના પૂર્વ કોર્પોરેટરના પુત્રની પત્ની દ્વારા ઈન્સ્ટાગ્રામ પર તેને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવતાં માનસિક તાણમાં આવેલા પૂર્વ કોર્પોરેટરના પુત્રે ઘરના પ્રથમ માળેથી કૂદીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચતા તપાસ શરૂ કરવામાં આવી છે.

નાનીવેડ ખાતે લક્ષ્મીનારાયણ મંદિરની બાજુમાં રહેતા અને ખેતીકામ કરતા ૬૨ વર્ષીય સતીષકુમાર કાંતિલાલ પટેલે પોતાની પુત્રવધુ માનસી, વેવાઈ કૃષ્ણવદન હીરાલાલ બ્લોકમેકર તથા વેવાણ રેખાબેન (રહે. કુંજ ગલી, કતારગામ) વિરૂદ્ધ સિંગણપોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

પુત્રવધુ માનસી, વેવાઈ કૃષ્ણવદન અને વેવાણ રેખાબેને એકબીજાની મદદગારી કરી, અસલ બાહેંધરી કરાર રદ કરાવવા કે મેળવી લેવા, નાણાં પડાવવા અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાની ફરિયાદના આધારે સિંગણપોર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ પ્રો. પો.સ.ઇ. ડી.બી. પિંજરને સોંપી છે.

ફરિયાદની વિગત મુજબ, સતીષકુમારના પુત્ર શશીનના લગ્ન વર્ષ ૨૦૧૪માં કતારગામની માનસી સાથે સમાજના રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને એક દીકરી પણ છે. જોકે, છેલ્લા બે વર્ષથી માનસી અન્ય ઇસમ જીગર ગણપતભાઇ પટેલ સાથે આડા સંબંધોમાં હોવાનું પરિવારને જાણવા મળ્યું હતું. ગત ૨૦૨૫માં માનસી તેના કથિત પ્રેમી જીગર સાથે પાલ ગૌરવ પથ રોડ પર આવેલી હોટેલ 'યુનિ' ખાતે રંગેહાથ પકડાઈ ગઈ હતી. તે સમયે સમાજના અગ્રણીઓની મધ્યસ્થીથી માનસીએ સુધરી જવાની ખાતરી આપતો નોટરી રૂબરૂ 'બાહેંધરી ખત' લખી આપ્યો હતો અને તેના માતા-પિતાએ પણ ભવિષ્યમાં આવું નહીં બને તેની જવાબદારી લીધી હતી. બાહેંધરી ખત આપ્યા બાદ પણ માનસીના વર્તનમાં કોઈ સુધારો આવ્યો નહોતો અને તેણે જીગર સાથે સંબંધો ચાલુ રાખ્યા હતા.

આ બાબતે ઘરમાં ઝઘડા થતા માનસીએ સતીષકુમાર અને તેના પુત્ર શશીનને ધમકી આપી હતી કે, 'હું એવો કાંડ કરીશ કે તમને બધાને દોડતા કરી દઈશ, અસલ બાહેંધરી ખત પરત આપી દો નહીંતર આખી દુનિયા નવું નાટક જોશે.' આ વિવાદ બાદ તે પોતાના પિયર ચાલી ગઈ હતી. ત્યારબાદ, માનસી અને તેના માતા-પિતાએ ફરિયાદીના મિત્ર દીપકભાઈના ઘરે જઈને પણ ધમકી આપી હતી કે, તેઓએ સતીષ અને શશીન વિરૂદ્ધ 'મસાલો' તૈયાર કરી દીધો છે, જો જાનની સલામતી વહાલી હોય તો નાણાની કોથળી ખુલ્લી રાખે અને અસલ બાહેંધરી ખત રદ કરી દે.

ગંભીર બાબત એ છે કે, ગત ૧૫ જૂનના રોજ ઇન્સ્ટાગ્રામ પર 'suratviewsmedia' નામના પેજ પર સતીષકુમારના પુત્ર શશીનના કોઈ અજાણી યુવતી સાથેના ફોટા વાયરલ કરવામાં આવ્યા હતા. આ પોસ્ટની નીચે 'નાનીવેડના એક પૂર્વ નગરસેવકના પુત્રની કરતૂતો... પોતાની ભૂલ સુધારવાને બદલે પત્નીને ઘરમાંથી તગડી મૂકી' તેવું લખાણ લખી સમાજમાં બદનામ કરવાનો કારસો રચાયો હતો.

આ ખોટી પોસ્ટ વાયરલ થતાં જ ભારે આઘાતમાં સરી પડેલા શશીને પોતાના ઘરના પહેલા માળેથી નીચે કૂદી પડીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેને જમણા પગે ગંભીર ઇજાઓ થતાં હાલ હોસ્પિટલમાં ઓપરેશનની તૈયારીઓ ચાલી રહી છે.

# પાણીના ધંધામાં પણ ખંડણી!, ઈન્કાર કરનાર વેપારીને કચડવા પ્રયાસ કરાયો

**સચિનમાં** વેપારીએ હપ્તો આપવાનો ઈન્કાર કરતાં કારથી વેપારીની મોપેડને બે વાર ટક્કર મારી

સુરતઃ ઉદ્યોગનગરી સુરતના સચીન વિસ્તારમાં પાણીના વેપારી પાસે ખંડણી માંગણી કરનારા છ માથાભારે તત્વોએ સરેઆમ આતંક મચાવ્યો છે. પોલીસે આ મામલે હત્યાની કોશિશ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તમામ નરાધમોને જેલભેગા કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

સચીન કનકપુર ગુજરાત હાઉસિંગ બોર્ડની સાઈનાથ સોસાયટીમાં રહેતા ૨૬ વર્ષીય વેપારી વિનય બાબુરામ ચૌધરી પાણીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગત ૨૨મી તારીખે સોમવારે રાત્રે આશરે દસેક વાગ્યાના અરસામાં વિનય તેના મિત્ર સાથે મોપેડ પર સચીન-નવસારી મેઈન રોડ સ્થિત ક્રિષ્ણા હોટલ પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે જ સમયે અગાઉ પાણીના ધંધામાં ખંડણીના નાણાં નહીં આપવાની અદાવત રાખીને બેઠેલા સ્થાનિક ગુંડા તત્વોએ તેમને ઘેરી લીધા હતા. આરોપીઓએ પહેલાં જીવલેણ હથિયારો બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી ભયનો માહોલ ઊભો કર્યો હતો અને ત્યારબાદ પાછળથી પોતાની કાર પૂરઝડપે દોડાવી મોપેડને એકપછી એક બે વખત જોરદાર ટક્કર મારી હતી.

આ જીવલેણ હુમલામાં વિનય ચૌધરી અને તેનો મિત્ર રોડ પર ફગવાઈ ગયા હતા. આરોપીઓએ તેમને કાર નીચે કચડી નાંખવાનો પૂરો પ્રયાસ કર્યો હતો, જેમાં બંનેને શરીરે નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને અંજામ આપ્યા બાદ તમામ આરોપીઓ કાર લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.ભોગ બનનાર વેપારીની ફરિયાદના આધારે સચીન પોલીસે હુમલો કરનાર માથાભારે શખ્સો સાહીલ શાંતારામ પાટીલ (રહે, સચીન સ્લમ બોર્ડ), હરીશ ઉર્ફે બાડીયો (રહે,સલ્મ બોર્ડ, સચીન), સિકંદર ગૌડ)રહે, રાખી ગુણાંતીનગર સચીન), રાજા ઉર્ફે હરીયાણી (ગુણાંતીનગર સચીન), રાહુલ ઉર્ફે રાહુલ શબ્દ (રહે, સચીન સુડો) અને મનિષ શર્મા (રહે, સચીન) વિરૂદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સુરતમાં હરિયાળી વધારવા મનપાની મોટી પહેલ, 50 હજાર છોડ રોપાશે

સુરતઃ શહેરમાં હરિયાળો વિસ્તાર વધારવા અને પર્યાવરણને વધુ સમૃદ્ધ બનાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામમાં ટી.પી. સ્કીમ નં.49ના એફ.પી. નં.325 ખાતે, અન્ય વિવિધ વિસ્તારો તેમજ ભાઠા-બેટ સ્થિત ભાઠા લેક ગાર્ડન ખાતે વ્યાપક વૃક્ષારોપણ માટે માસ પ્લાન્ટેશન, મિયાવાકી પદ્ધતિથી ઘન વનસર્જન કરાશે. આ માટે 50 હજાર રોપાઓની ખરીદી કરાશે. મનપાના આ પ્રોજેક્ટ્સ શહેરમાં હરિયાળી વધારવા, પર્યાવરણનું સંતુલન જાળવવા અને નાગરિકોને વધુ સ્વચ્છ અને હરિયાળું વાતાવરણ પૂરું પાડવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આજે સ્થાયી સમિતીમાં દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. સુરતને હરિયાળું બનાવવા કવાયત કરાઈ રહી છે.

# કોમર્શિયલ હેતુ માટે બેન્કિંગ સેવા મેળવનાર વ્યક્તિ એ ગ્રાહક નથી

**બેન્ક** સામે કરેલી બે વેપારીની ફરિયાદ ગ્રાહક કોર્ટે ફગાવી

સુરતઃ કોમર્શિયલ હેતુ માટે બેન્કિંગ સેવા મેળવનાર વ્યક્તિ ગ્રાહક ગણાતી નથી તેમ નોંધી ગ્રાહક કમિશને બે વેપારીની બેન્ક સામેની ફરિયાદ રદ કરી હતી. ફરિયાદી કેવી લોન ફેબ્રિક્સના ગુલાબચંદ વિશનાની દ્વારા બેંક ઓફ બરોડા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદીએ પોતાના ટેક્સટાઈલના વ્યવસાય માટે બેંક પાસેથી રૂ. ૮૪ લાખની ઓવરડ્રાફ્ટની સુવિધા મેળવી હતી. ફરિયાદમાં બેંકે ગેરરીતિ પૂર્વક વ્યાજ તથા અન્ય ચાર્જ પેટે રૂ. ૪,૪૭,૨૨૪ વધારાના વસૂલ કર્યા હોવાના આક્ષેપો કરીને રકમ રીફંડ અપાવવાની તથા અન્ય દાદની માંગણી કરવામાં આવી હતી. તેમજ ફરિયાદી કાર્બન ફેબ્રિક્સના હરીશ ગુલાબચંદ વિશનાનીએ બેંક ઓફ બરોડામાંથી તા. ૧૬/૦૯/૨૦૧૭ના રોજ રૂ. ૬૦,૦૦,૦૦૦ની ઓવરડ્રાફ્ટ સુવિધા મેળવી હતી. બેંકે ફરિયાદીના ખાતામાંથી કોઈપણ જાતની જાણ કર્યા વિના કુલ રૂ. ૩,૪૦,૮૨૫ જેટલી વધારાની રકમ ડેબિટ કરી હતી તેમજ અન્ય રકમો પરત ન આપવાના આક્ષેપો કરી તે રકમો રીફંડ અપાવવાની દાદની માંગણી કરી ફરિયાદ કરવામાં આવી હતી. આ બંને કેસની સુનાવણીમાં બેંક તરફથી એડવોકેટ શ્રેયસ દેસાઈ તથા એડવોકેટ ઈશાન દેસાઈ દ્વારા દલીલ કરવામાં આવી હતી. કમિશનના પ્રમુખ પી.પી. મેખીયા તથા સભ્ય ડો. તીર્થેશભાઈ મહેતાએ બંને પક્ષોની દલીલો તથા રેકોર્ડ પરના દસ્તાવેજોનો અભ્યાસ કર્યા બાદ બંને ફરિયાદો ગ્રાહક ન હોવાના કારણોસર રદ કરી હતી.

# સચિન ઈન્ડસ્ટ્રિયલ સોસા.ના નવા ભવનનું ઉદઘાટન કરાયું

**ધારાસભ્ય** સંદીપ દેસાઈ દ્વારા ઉદઘાટન કરાયું, ભવન માટે ઉદ્યોગકારોએ 2.50 કરોડ આપ્યા હતા



સુરતઃ સચિન જીઆઈડીસીના નવા બનેલા આધુનિક ભવનનું ધારાસભ્ય સંદીપ દેસાઈના હસ્તે ઉદઘાટન કર્યું હતું. નવા ભવન નિર્માણ માટે ઉદ્યોગકારોએ 2.50 કરોડથી વધુની આર્થિક સહાય સાથે સમારોહમાં કમલવિજય તુલશ્યાન, જીતુ વખારીયા ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં જે નવા ભવનનું ખાતમુહૂર્ત થયું હતું એનું ઉદઘાટન હું કરી રહ્યો છું. નવા ભવનના નિર્માણ માટે ઉદ્યોગકારોએ ફંડ આપ્યું છે, પરંતુ ઈમારતની માવજત માટે બેંકને ભાડેથી જગ્યા આપી આવકની યોજના ઘડવામાં આવી છે તે પણ નોંધનીય છે. સચિન ઈન્ડ. કો.ઓ. સોસાયટીના સેક્રેટરી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય સંદીપ દેસાઈના પ્રયાસોને પગલે ગુજરાતમાં પ્રથમ કક્ષાએ આવે એવું સચિન જીઆઈડીસી પોલીસ ભવન બનાવવા માટે 1 રૂપિયાના ટોકનથી ત્રણ હજાર સ્ક્વેર મીટર જગ્યા સરકારમાંથી અપાવી છે. ઉદ્યોગપતિ મિતુલ મહેતાની રજૂઆતથી સચિન જીઆઈડીસી ગેટ નં.2 ઉપર ફૂટ ઓવરબ્રિજ મંજૂર કરાવી આપ્યો છે, આ પ્રસંગે નોટિફાઇડ બોર્ડના પૂર્વ ચેરમેન ઉદ્યોગપતિ મિતુલ મહેતાને દિનકરરાય નાયક, ઉદ્યોગકાર પારસ શાહ, વિનય અગ્રવાલ, ડિરેક્ટર ગૌરાંગ ચપટવાલા, વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટ, ઉપપ્રમુખ-નોટીફાઈડ ચેરમેન-નીલેશભાઈ ગામી, પૂર્વ પ્રમુખ નીલેશભાઈ લીંબાસીયા, ઉમેશભાઈ જાદુગર, મનહરભાઈ પરમારની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ડિજિટલ પ્રિન્ટિક ફેબ્રિક્સના ભાવોમાં રૂ. 2થી 2.50 વધ્યા

**ભાવમાં** 40 ટકાથી વધુ ઘટાડો થતાં મશીન, વીજળી, મજૂરી અને અન્ય ખર્ચ કાઢ્યા બાદ નફાપર ગંભીર અસર પડી રહી છે

સુરતઃ સુરતના ડિજિટલ પ્રિન્ટિંગ એસોસિએશન દ્વારા યાર્નના વધેલા ભાવો અને મોંઘા ટ્રાન્સપોર્ટેશન ખર્ચ સામે ડિજિટલ પ્રિન્ટિંગ કાપડમાં ભાવવધારો કરવાનો નિર્ણય લીધો છે.

સુરતમાં ડિજિટલ પ્રિન્ટિંગ ઉદ્યોગનો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે, ગુજરાતમાં સબલિમેશન ડિજિટલ પ્રિન્ટિંગની આશરે 1,500 મશીનો કાર્યરત છે, જેમાંથી લગભગ 70 ટકા મશીનો સુરતમાં છે. એટલે કે, રાજ્યના ડિજિટલ પ્રિન્ટિંગ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર સુરત બન્યું છે.

વેપારીઓના જણાવ્યા મુજબ પહેલાં મીટર કાપડના ડિજિટલ પ્રિન્ટિંગ માટે રૂ.25થી 26નો ભાવ મળતો હતો. જો કે, વધતી સ્પર્ધાને કારણે હાલ આ ભાવ ઘટીને માત્ર રૂ.14થી 15 પ્રતિ મીટર સુધી પહોંચી ગયો છે. વેપારીઓ વધતી નુકસાની અટકાવવા મીટર કાપડ પર ક્વોલિટી વાઈઝ 2થી 2.50 રૂપિયા ભાવવધારો કર્યો છે. ભાવમાં 40 ટકાથી વધુ ઘટાડો થતાં મશીન, વીજળી, મજૂરી અને અન્ય ખર્ચ કાઢ્યા બાદ નફાકારકતા પર ગંભીર અસર પડી રહી છે.

એસોસિએશન દ્વારા આગામી સમયમાં વેપારીઓ વચ્ચે સંકલન વધારી બજારમાં સ્વસ્થ સ્પર્ધા જળવાય અને વેપારીઓને જોબવર્કના વાજબી ભાવ મળી રહે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે.